પાંચમા ધોરણની

યૂરોપ ને એશિયાખંડના ભૂગોળની નોટ.

પ્રસિદ્ધ કરનાર
વર્નાક્યુલર સ્કુલના માસ્તર--ઇડરવાળા
લલ્લુભાઇ ધનેશ્વર પંડ્યા
ઔદુ બ્રહ્મ
ગામે સ્વસ્થાન ઇડર.

અમદાવાદ
'અમદાવાદ ટાઇમ્સ' પ્રેસમાં છાપી

સને ૧૮૮૯—સંવત ૧૯૪૫

કીમત ત્રણ આના.

પાંચમા ધોરણની

યૂરોપ ને એશિઆખંડના ભૂગોળની નોટ.

પ્રસિદ્ધ કરનાર
વર્નાક્યુર સ્કુલના માસ્તર—ઇડરવાળા
લલ્લુભાઇ ધનેશ્વર પંડ્યા
ઓફ [illegible]બ્રહ્મા
તાબે સ્વસ્થાન ઈડર.

અમદાવાદ
'અમદાવાદ ટાઈમ્સ' પ્રેસમાં છાપી.

સને ૧૮૮૯—સંવત ૧૯૪૫

કીંમત ત્રણ આના.

તા૦ ૪ થી એપ્રીલ સને ૧૮૮૯
મુ૦ ખેડબ્રહ્મા

अर्पण पत्रिका.

મહેરબાન નેકનામદાર ઠાકોર સાહેબ
શ્રી પ્રથીસીંહજી બાહાદુર

તા૦ પાલ
સં૦ ઇડર—છા૦ મહીકાંઠા

મુરબી માનવંતા સાહેબ આપ સરકાર આર્યવૃતના સર્વ સ્વદેશી બાંધુઓને કેળવણી આપી લઓનું કલ્યાણ ખરા અંતઃકરણથી ઇચ્છોછો.

આ કાર્યમાં આપ કદરદાન સાહેબે પુરતી રીતે મદદ આપી મને ફતેહ પમાડી, આપની કિર્તી અમર કરશો એવું જાણી આ લઘુ ગ્રંથ આપની પવીત્ર સેવામાં હું આ પનેજ અર્પણ કરૂ છું, તો તે પ્રેમ પુર્વક સ્વીકારશો એવી શેવકને આશા છે.

ખેડ બ્રહ્મા
તા૦ ૨૯—૩—૮૯

હું છું.
આપનો તાબેદાર
લલ્લુ ધનેશ્વર પંડ્યા.
સ્કુલ માસ્તર ખેડબ્રહ્મા

પ્રસ્તાવના.

ગુજરાતી નીશાળોમાં આવી નોટની કેટલીક જરૂર પડે છે. અને હું પહેલ વેહેલાં પાલણપુર એજન્સીમાં માસ્તર હતો, તે વખતે પાંચમા ધોરણના છોકરાઓને શીખવવાની જરૂર તેથી તેજ વરસમાં મેં એક નોટ તઈયાર કરી પણ તેમાં સુધારો કરવાનું કામ ઘણું બાકી રહ્યું તેથી છપાવવાનો વીચાર કરેલો નહીં અને મારા દસ વર્ષના અનુભવથી જ્યારે ગઇ સાલથી નવાં ધોરણ થયાં તે-[illegible]ણ તેમાં કેટલાક સુધારો કરીને આ ચોપડી મેં છપાવવાનો વીચાર રાખ્યો.

આ નોટ હાલમાં મારા કેટલાક સ્નેહી અનુભવીઓને બતાવવાથી તેમને પસંદ પડવાથી તેમની સુચના ઉપરથી પ્રગટ કરવામાં આવે છે. અને લખતી વખતે ઘણાં પુસ્તકોની મદદ લીધી છે. તે મારે જણાવવાની જરૂર નથી. પણ આ નોટમાં દોષ ઘણા હશે તોપણ આ નોટ એક ખરેખરી ઉપયોગી થઇ પડશે. એમ જો થશે તો મારી મેહેનત સઘળી સફળ થઇ એમ હું માનીશ.
મુ૦ ખેડબ્રહ્મા તા૦ ઇડર તા૦ ૩૧ મી માર્ચ સને ૧૮૮૯.

એલ૦ ડી૦ પંડ્યા.
મા૦ખેડ સ્કુલ.

અનુક્રમણિકા.

એસીયા ખંડ ૧.

એસીયા ખંડની સીમા—ઉત્તરે ઉત્તર મહાસાગર–પશ્ચિમે ઉરાલ પર્વત, યુરાલ નદી, કારપીયન સમુદ્ર, કાકેસસ પર્વત, કાળોસમુદ્ર, મારમોરાસમુદ્ર, આર્કીપેલેગો, ભૂમધ્ય સમુદ્ર, સુવેજનીનહેર ને રાતોસમુદ્ર; દક્ષીણે હીંદીમાહાસાગર; પુર્વે પાસીફીકમાહાસાગર છે.

એશિયાના દેશોની હકીકત.

(૧) બલુચીસ્તાન.

આ દેશ મુસલમાની ધર્મ પાળનારો છે. તેનું મુખ્ય શેહેર ખીલાત છે, તેમાં હથીયાર બને છે, તેમાં જાણવા લાયક વધારે હકીકત નથી.

નદીઓ—પુરાલી, દશી, શેહેર, સહારવન, દાદર, ગંદીવા, ખોજદા.

બંદર—સોનમીયાની, પંજગુર.

(૨) અફગાનીસ્તાન.

આ દેશ હીંદુસ્તાનના વાવ્ય ખુણામાં આવેલો છે.

પર્વત—હિંદુકુસ, સુલેમાન, તર્કી, સુલેમાન છે.

નદીઓ—કાબુલ, હેર્મંજ, તનકે, હર્દદાબ, ગુલમ.

સરોવર—ઝરા (દરા)

મુખ્ય સેહેરો—કાબુલ, કંદહાર, હેરાત, ગીજની, બામીયાન, ચારીખ, જલાવાબાદ, ફરા, બાલ્ખ છે. ત્યાંના ઘોડા તથા મેવો પરદેશ ખાતે જાય છે. હેરાત તથા કંદહારમાં ઉનનાં લુગડાનાં કારખાનાં છે.

(૩) ઈરાન.

મુખ્ય સેહેરો—તેહેરાન, ઈસ્ફાન, સિરાજ, તબ્રીજ, મજદ, અસ્ત્રાબાદ, મસદ, બુસીર, કર્માન.

બેટો—કરક, કીસમ, ઓર્મજ. કરક બેટમાંથી મોતી પાકે છે.

નદીઓ—કારોમ, ઈજલ, ઓજન, હવીજા.

સરોવર—ઉરૂમીયા, બખતેગાન.

મસદ—એમાં ત્યાં ઘણા જાત્રાળુઓ જાય છે. તથા રેશમીંમલમલ તથા સુતરાઉ લુગડાનાં કારખાનાંછે અને લોઢાનાં કારખાનાં છે. સીરાજ—એમાં દારૂ તથા ગુલાબનું અંતર બને છે. ઈસ્ફાહાન—સોના રૂપાના કામનુ કારખાનું છે.

(૪) અરબસ્તાન

વીભાગ—હીજાજ, યમન, હેદ્રમાન, ઓમાન, અલહસા, નજદછે.

સેહેરો—મકામાં મુસલમાની ધર્મ સ્થાપનાર મહમદ પેગંબરનો જન્મ. બીજાં મદીના, મોખા, મસ્કત, જીદો, રીંયાદમાં મુસલમાની ધર્મ ચાલે છે.

બંદરો—મસ્કત, એડન, એ બંદર ઈંગ્રેજ સરકારનું છે તે

માં, ખુંદદાણુા તથા હાથી દાંત પ્રખ્યાત છે. મોખા એ પણ બંદર છે તેમાં ખુંદદાણુા થાય છે. મક્કામાં જાત્રાળુ લોક ઘણા ભેગા થાય છે. ભાષા અરબીછે.

(૫) તુર્કસ્તાન

મુખ્ય પર્વત—તારસ, લીબનાન, તાબર, ઐદા, અરાતાકછે.

મુખ્ય નદીઓ—કીજીલ, સરાવાદી, ઝાર્ડન, યુફ્રેતીસ, તેગ્રીસ, ઓરાંતીજ, દેદશી છે.

મુખ્ય સરોવરો—વાન, ડેદશી, ગેનેસ્રેન, અને મૃત છે.

મુખ્ય શેહેરો—સર્મના (ઈસ્મીર), બ્રુસા, અંગોરા, દમાસ્ક, આલેપો, જેરૂસાલેમ, બેરૂત, મોસલ, પાલે, સ્તૈન, જાફા, બગદાદ, અરજરૂમ, વાન, બસ્રા, બીતલીસ વીગરેછે.

બંદરો—ત્રેબીઝાંડ, સૈનોપ, ટ્રીપોલી, એકર, જાફા એ બંદરો છે. બગદાદ, ને દમાસ્કમાં રેશમી ઉનનાં લુગડાંના કારખાનાં છે. આલેપો એમાં કીનખાબનાં કારખાનાં છે. અંગોરા શેહેરમાં સાલો બનાવવાના વાળ થાય છે, વીગેરે માટે પ્રખ્યાત છે. મુસલમાની ધર્મ પાળનારો દેશ છે.

મુખ્ય બેટો—સૈપ્રસ ને રોડસછે.

(૬) તાર્તરી ને તિબેટ.

મુખ્ય શેહેરો—કાશગર, યારકંડ, ખોતાન, યાંગી, તારકંદ, ખોજંદ, કોરાટ, લાસા, બોખારા, ખીવા, સમરકંદ, બલ્ખ, મેર્વ, બદકશાન છે.

સરોવરો—કાસ્પીઅન, એરલ, બલકાસ, તેગ્રીજ, લાબનોર, કોકોનોર, કુજરા, રાંગા.

મુખ્ય નદીઓ—સીહુન, આમુ, કોહીક, મુરગાબ, સંઘેલીયનછે.

મુખ્ય શેહેરો—કોરીઆનું, મુખ્ય શેહેર, કીકીતાઈન છે. પશ્ચિમ તાર્તરીની સત્તા રૂશિયાના હાથમાં છે. પુર્વ તાર્તરી સ્વતંત્ર છે.

મુખ્ય પર્વત—હિંદુકુશ, બાલકાન, અને આરાન છે.

(૭) રૂશિયા.

મુખ્ય નદીઓ— ઓબી, એનીસી, લેના, ઇર્તીસ, તોબોલ, અંગારા, અલદાત, વીલ્વી છે.

સરોવરો—એકલ, ચાની, સીરોની છે.

મુખ્ય પર્વતો—આલતાઈ, યુરલ, આબ્લનાય, ત્યાંથી ધાતુ નીકળે છે.

મુખ્ય શેહેરો તોબોલસ્ક, ઈકુતસ્ક, તોસ્ક, ઓમસ્ક, એનીસેઈસ્ક, ઓકોતસ્ક, યાકુતસ્ક વીગેરે છે.

કામસ્કાટકાનું મુખ્ય શેહેર પેત્રોપાલોસ્ક છે.

બેટો—કુરીલ, અલુસીયન, સેનીમાથુ, સેનીલારેન્સ, બેર વિગેરે છે.

કાકેસસ પર્વતનો ભાગ.

મુખ્ય નદી—કુર, અરાશી છે.

શેહેર—સરકાસ્યા, અતાસ્યા, તીફલીસ, શીરવાન, બાકો, દરબંદ, એરીવાન છે.

સરોવર—સેવાન છે.

પર્વત—કાકેસસ છે. તથા શીખર આલબુર્જ

(૮) જાપાન દેશ.

સીકોકફ—કીસીયું, નીફોન, યસો એ ચાર બેટ મળીને જાપાન થયો. તેમાં ૨૫ ક્રોડ માણુસની વસ્તી છે.

મુખ્ય પર્વત.—ફુસિયાનામા છે તેમાં સદા બરફ રહે છે. ધાતુ, સોનું, રૂપું, તાંબુ, કોયલા એવી આ દેશમાં ખાણો છે. રેશમી અને સુતરાઉ કાપડ તથા ચીની વાસણ સારાં થાય છે.

મુખ્ય શેહેરો—યદો, મીયાકો, આસોકા, માચમય, નાગસાકી, સાકાય, હાકોદાદી, કાનાગાવા, હિયોગો, નાંબું, એ સેહેર છે. લોકો મેહનતું છે. તથા ખેતીના કામમાં હુંશીયાર છે.

(૯) ચીનનું રાજ્ય.

મુખ્ય પર્વત—તાપાલીંગ, યુનલીંગ, નાનલીંગ, તે હીમાલય સાથે જોડાયેલા છે.

નદીઓ—યાંગહો, હાંગસેકયાંગ, પેહીઓ, યુહો, યુકયાંગ છે.

સરોવરો—તીનીગહું, પોયાંગહું, હાંબાગસેહું એ સરોવરછે.

સેહેરો—પેકીન, નાનકીન, કુચોં, આમોય, સાંગહાર, કંતાન છે. તેમાં લોઢાનાં કારખાનાં છે ચા તથા રેશમી કાપડ, મીઠું, કેસર વિગેરેનો મોટો વેપાર ચાલે છે. પેકીનમાં માહારાજા રહે છે. ને તે બે સેહેર મળીને થએલું છે.

બેટો—હેનાન, ફોરમાસા, લુચુ, સુચાન, એ સર્વ બેટ ચીનના તાબામાં છે તથા વેહેપાર ઠીક છે, ખાંડ ને મીઠું બાકે છે.

બંદરો—કંતાન, સાંગહાય; એ બેમાં હિન્દુસ્થાન ને યુરોપની આગબોટો આવેછે.

(૧૦) હીંદીચીન.

વીભાગ—બ્રહ્મદેશ, સયામ, કોચીનચીન, મલાયા છે.

મુખ્ય સેહેરો—માંદલેજ, અમરપુર, આવા, બામો, બાંકોક, કોરાત, સાઇજોન, હ્યું, પ્રોમ, સીંગાપુર, પેગું, કંબોજ, સાયગોન, દોવાય, તુરોન, મલાકા, વેલસ્લી, પેરાક એ સેહેર છે.

બેટ—પીંનાંગ તેમાં બુંદદાણા, નાળીએર, તેજાના ને ખાંડ થાય છે.

મુખ્ય બેટો—મલાકા, પીંનાંગ, સીંગાપુર, જાન્જેટૌન, એટલા બેટ છે.

મુખ્ય નદીઓ—મૈનામ, ઈરાવતી, કંબોજ, તેકમાવ, તકેશીયા, સાંગકોઇ છે.

કોચીનમાં રૂપાની ખાણો છે. તાન્કીનમાં સોના, રૂપા તથા લોઢાની ખાણો છે. મલાયામાં કલાઈની ખાણુ છે. સાંગહાય સઘળા દેશમાં વેપારને માટે પ્રખ્યાતછે.

(૧૧) સીંહાલ દ્વીપ (લંકા)

મુખ્ય સેહેરો—કોલંબો, ત્રીકોમાલી, પોર્ટડીગાલ, જાફના પટણ ને, કાંદી છે. લંકા-તેમાં હાથી ઘણાં સારા નીપજે છે.

મુખ્ય બંદર—ત્રીકોમાલી, પોઈંટીડીગાલ, પોઈંટપેદ્રો ને કાલપેટીન છે,

અખાત—મનારના અખાતમાંથી રત્ન, માણેક, તથા મોતી પાકે છે. લોઢાના ગચ્છા, સીસુ તથા સુરોખાર જડે છે. ત્યાં લોક બૌદ્ધ ધર્મી છે. હાલમાં ઈંગ્રેજ લોકને તાબે છે. ત્યાં હાથી બહુ થાય છે.

નદીઓ—મહાવીલીગંગા, તે બંગાળાના અખાતને મળે છે. ત્યાં વરસાદ બારે માસ વરસે છે. માટે ત્યાંની હવા સરદીવાળી છે.

મુખ્ય બેટો—રામેશ્વર, માલદ્વીપ, લક્ષદ્વીપ, તથા સાલ્સેટ, તે આસપાસ આવેલા છે. ઘણા નાના બેટો મળીને તેમનું એક નામ આપેલું, એક લાખ બેટ મળવાથી લક્ષદ્વીપ નામ આપેલું છે.

નુવીરાઈલ્યા—એક ટેકરી છે ત્યાં હવા સારી છે. તેથી ઈંગ્રેજ લોક ત્યાં હવા ખાવા સારૂ જાય છે. લંકામાં એક સરકાર તરફથી ગવર્નર રહે છે. તેમાં રેલવે બાંધી છે. મુલક પાહાડી છે. ઉદ્યોગ ખેતી કરવાનો છે. તેજાના થાય છે.

(૧૨) હિંદુસ્થાન.

મુખ્ય પર્વતો—હીમાલય, સુલેમાન, હાલા, પબ, સીંહાદ્રીપ, વિંધ્યા, આરાવલી, શીવાલીક, સાતપુડા. હિમાલયમાં ચા થાય છે.

મુખ્ય નદીઓ—ગંગા (ભાગીરથી) આ નદી ત્રણ નદીઓ મળીને થયેલી છે. યમુના, ગોમતી, ગોગરા, સોણ, મહાનદી, ગડકી, ચંબલ, સીંધ, બતવા, સીંધુ, જ-

હ્મપુત્રા, જેલમ, રાવી, બીયાસ, સતલજ, સીનાબ, નર્મદા, તાપી, સુવર્ણ રેવા, મહીનદી, સાબરમતી, વેતરણી, ગોદાવરી, બ્રાહ્મણી, કૃષ્ણા, કાવેરી, પનેર, પલાર, વીગેરે છે.

મુખ્ય સરોવરો—ચીલકા, કોલારૂ, પલીકત, સાંબર, સાસ, માનસરોવર, દાદ, ને ઉલ્લુર, કાસ્મીર દેશમેં બે આવેલા છે.

મુખ્ય સામુદ્રધુનીઓ—પાકની સામુદ્રધુની, હિંદુસ્તાન અને લંકાની વચ્ચે છે.

મુખ્ય ભુશીરો—કુમારીકા કેપ, પોઈતકલીમેર, પોઈતપાલમેરા, કેપ રામાસ, દીવ, જગત, ને સીંધમાં કેપ મોન્જ આવેલો છે.

બેટો—લંકા, દીવ, સાસ્ટી, ધારાપરી, કરંજે, રામેશ્વર, મનાર, માલદીવ, લક્ષદ્વીપ, નીકોબાર, ને અંદામાન, આવેલાં છે.

ખનીજ પદાર્થ—હીરા, માણેક, લોઢુ, રૂપુ, સોનાની રજ તથા કોયલાની ખાણો છે. પંજાબમાં સીંધવની ખાણછે.

મુખ્ય શહેરો

કલકતા—આખા ભરતખંડની રાજધાનીનું શેહેર છે. તેમાં ગવર્નર જનરલ રહે છે. હિંસ્દુતાનમાં સૌથી અગત્યનો કીલ્લો છે, તેમાં કાલેજો છે. ખાંડ બનાવવાનું તથા વાહાણ બનાવવાનું, સુતર કાંતવાના કારખાના છે.

પટના—ગંગા નદી ઉપર આવેલું છે. અહીંયાં મુસલમાન

વધારે છે. ખાંડ તથા ઘઊં ને ચોખા તથા અફીણ નો વહેપાર ચાલે છે.

કાશી (વણારસી)—હિંદુઓનું પવિત્ર જાત્રાનું ઠેકાણું છે. હિંદુસ્તાનમાંથી, તીબેટ ને બ્રહ્મદેશમાંથી જાત્રાળુ લોક આવેછે તથા હીરા, ગળી, મલમલ તથા રેશમી સુતરાઉ કાપડ, ઉનનાં લુગડાનાં કારખાનાં છે. અહીયાં સંસ્કૃત કાલેજ છે.

દીલ્હી—અહીંઆં આગળ મુશલમાનોની રાજધાની હતી, એમાં વસ્તી વધારે છે. ને તે શાહજાંહે બાંધેલું છે. તેમાં મલમલ તથા જોડા સારા થાય છે.

લખનોર—ગોમતી નદી ઉપર આવલું છે, તે અયોધ્યા પ્રાંતની રાજધાની છે. સને ૧૮૫૭ માં લડાઇ ચાલી હતી.

આગ્રા—જમના નદી ઉપર આવેલું છે તેમાં મસીદો ઘણી છે. "તાજમહેલ" નામની આરસની ઈમારત ઘણી સુંદર છે. તેમાં શાહજહાંની કબર છે તથા થોડે છેટે અકબર બાદશાહની પણ કબર છે તેની બાંધણી સુંદર છે. નીકાસી, રેશમ, ખાંડ, ગળિ છે.

અમૃતસર—સીખ લોકોને જાત્રાનું ઠેકાણું છે. સાલનાં તથા રેશમી અને ઉનનાં લુગડાનાં કારખાનાં છે. પરદેશ વહેપાર ઘણો ચાલે છે.

કાનપુર—ગંગા નદી ઉપર આવેલું છે સને ૧૮૫૭ના બળવામાં નાના સાહેબે કરેલી હત્યાઓ તે ઉપર પ્રખ્યાતછે. તેમાં લશકર રહે છે.

અલ્હાબાદ—હિંદુઓની જાત્રાની જગા છે. એ ગંગા જમના ને સરસ્વતીના સંગમ ઉપર આવેલું છે. દર વરસે બે લાખથી ઉપરાંત જાત્રાળુઓ આવે છે. તેનો કીલ્લો સર્વથી ચઢીઆતો છે. વહેપારમાં પ્રખ્યાત છે.

બરેલી—રોહીલખંડનું સેહેર છે. ઘણી મસજીદ અને વિદ્યા સબંધી ખાતાં છે, વહેપાર ઠીક ચાલે છે.

લાહોર—પંજાબ ઈલાકાનું સેહેર છે તે રાવી નદી ઉપર આવેલું છે. શાહજહાંની વાડી તથા તે કીલ્લો પ્રખ્યાત છે. સીખ લોક પાસેથી ઇંગ્રેજોને મળ્યું છે.

મથુરાં—જમના નદીના કાંઠા ઉપર કૃષ્ણની જન્મ ભુમીનું સેહેર છે તે પણ જાત્રાનું ઠેકાણું છે.

બિંદ્રાબન—મથુરાની નજીકમાં આવેલું છે તે પણ હિંદુઓમાં પવીત્ર ગણાય છે.

મુલતાન—ચીનાબ નદી ઉપર આવેલું છે, સુતર, ઉન ને રેશમનાં લુગડાંના કારખાનાં છે.

શ્રીનગર—એ કાશ્મીરની રાજધાનીનું શેહેર છે તેમાં ઊંચી જાતની સાલો બને છે ને તેનું અંતર વખણાય છે.

પેશાવર—પંજાબમાં આવેલું પશ્ચિમ તરફનું શેહેર છે.

જાલંધર—સીખ લોકનું શેહેર છે. તેમાં ઉનનાં લુગડાં વણાય છે.

ગયાજી—બહાર પ્રાંતમાં ગંગા નદીને કાંઠે આવેલું છે, તેમાં બ્રાહ્મણોની વસ્તી છે.

જગંનાથપુરી—મહા નદીના મુખ આગળ જાત્રાનું ઠેકાણું છે. ત્યાં જગનનાથજીની જાત્રા થાય છે.

મુર્શીદાબાદ—એ બંગાળામાંછે. રેશમી કાપડ ને રત્ન માટે પ્રખ્યાત છે.

ઢાકા—એ પણ બંગાળામાં છે. તેનું મલમલ આખી દુનીઆમા સર્વોત્તમ ગણાય છે.

લુધીઆના—શેહેર છે તેમાં વહેપાર ઠીક ચાલે છે.

ચીતાગાંગ—એ બંદર છે તેમાં સાગ ઘણો થાય છે, તે હોડી બાંધવાનાં કામમાં આવે છે.

ઉદેપુર—મેવાડના રાજાની રાજધાની છે.

જોધપુર—આ શેહેર મારવાડની રાજધાની છે. ને ત્યાંના ઊંટ ઘણા વખણાય છે.

જયપુર આમાં મુલ્યવાન ખાણો છે. તેમાંથી સોનું, રૂપું, રત્ન તાંબુ વિગેરે નીકળે છે.

વીકાનેર—આ શેહેરનાં ઊંટ ઘણાં વખાણવા લાયક છે. ને ઘેટાં પણ મુંબઇ વેચવા સારૂ જાય છે.

શીરોહી—એમાં તરવાર સરસ બને છે. તેની પાસે આબુ પર્વત છે. તે હિંદુઓને જાત્રાનું ઠેકાણું છે. ત્યાં સાહેબ લોકના બંગલા ઘણા છે. ઉનાળામાં હવા ખાવા સારૂ ઇંગ્રેજ લોક આવે છે.

અજમેર—આ શેહેર ઇંગ્રેજ સરકારનું છે તેની પાસે સાંબર સરોવર છે. તેનું મીઠું વખાણવા લાયક થાય છે.

નસીરાબાદ— તેમાં ઇંગ્રેજી લશકર રહે છે.

ગ્વાલેર—સીંધીયા સરકારની રાજધાનીનું શેહેર છે.

ઇંદોર—હોલકરની રાજધાનીનું શેહેર છે.

ઊજન—માળવાની જુની રાજધાનીછે. ત્યાંના ઘઊં ને અફી
ણ ને તમાકુ વખણાય છે.
પન્ના--ત્યાંના હીરા ને માણેક વાસ્તે પ્રખ્યાત છે.
નાગપુર—શેહેર છે તેમાં કીનખાપ તથા ધોતીજોટા સારા
થાયછે.
જબલપુર—સેહેર છે તેમાં તંબુ સારા બને છે. ને ઘઊં પ
ણ સારા થાય છે.
ચાંદા—એમાં લોઢાની તથા કોયલાની ખાણો છે.
આસીરગઢ--કીલ્લો છે. તેમાં ઇંગ્રેજોની છાવણી છે.
બરાનપુર—તેનાં સેલાં વખણાય છે.
ભંડારા--એમાં કીનખાબ ઘણો સારો બને છે.
સબલપુર--એમાં હીરા નીપજે છે.
હૈદ્રાબાદ—નીજામ સરકારની રાજધાનીનું સેહેર, મુસી
નદીના કાંઠા ઉપર આવેલું છે.
દોલતાબાદ—એ આગળ મુશલમાન બાદશાહના વખતનું
સેહેર છે.
બંદર--સોના રૂપાના કારખાના માટે પ્રખ્યાત છે.
શ્રીરંગપટણ– ટીપુની રાજધાનીનું સેહેર છે.
બંગલુર--તેમાં ઈંગ્રેજી લસ્કર રહે છે. ત્યાં રેશમી તથા
સુતરાઉ કાપડ બને છે.
મદ્રાસ--તેમાં ઈંગ્રેજ સરકારે કીલ્લો બાંધ્યો છે. તેનું ના-
મ ફોર્તસેન છે, જોર્જ છે.
ત્રીચીનોપલી—લોઢાનું કામ તથા ઘરેણાં સારાં બને છે.

વેલોર—કીલ્લો છે.

મધુરાં—એમાં પીતલનાં કારખાનાં છે.

બલારી—તેમાં રૂ બહુ થાય છે.

મછલીપટણ—આ સેહેર ઉતર સરકારની રાજધાની છે. તેમાં તરેતરેહની છીંટ થાય છે.

ચીકાકોલમ—તેમાં ઊંચી જાતના મલમલનાં કારખાના છે.

નેલોર—ત્યાંના બળદ વખણાય છે.

કોઈબંદુર—એમાં રૂ થાય છે. તમાકુ, હાથીદાંત પરદેશ જાય છે.

તનવલ્લી – આ શેહેરના જંગલમાં હાથીનાં ટોળાં છે.

મલબાર—એમાં સાગ તથા શીસમ, દેવદાર ને મરી થાયછે. ખુંદદાણા ને એલચી પણ નીપજે છે.

ત્રીવંકુર—ત્રાવણકોરની રાજધાની છે. તેમાં હાથી, વાઘ તથા સાપ થાય છે. જાયફળ, સાબુ, ચોખા નાળીએર ને સોપારી થાય છે.

કોચીન—સાગ ને શીસમ બહુ થાય છે તથા રૂ, ખુંદદાણા, ખાંડ એલચી નીપજેછે.

મંગલુર—અહીંઆં સુતરાઉ લુગડાનાં કારખાનાં છે.

તંજાવર—એ કીલ્લો છે. તેમાં રેશમી તથા સુતરાઉ કાપડના માટે પ્રખ્યાત છે.

મુંબાઇ—આખા હિંદુસ્તાનમાં સૌથી મોટુ બંદર છે. રેશમી તથા સુતરાઉ કાપડનાં કારખાના છે. રૂ તથા અફીણનો મોટો વેપાર ચાલે છે.

હૈદ્રાબાદ—સીંધ દેશનું શહેર છે. ત્યાંની સેતરંજી તથા રેશમી ને સુતરાઉ કાપડને માટે પ્રખ્યાત છે.

કરાંચી—મુંબઇ ઈલાકાનું બંદર છે. ત્યાં આગબોટો અને વાહાણો રહે છે. સેતરંજી તથા કાપડ માટે પ્રખ્યાત છે.

ઉમરકોટ—સીંધ દેશનું સંસ્થાન છે. તેમાં સેતરંજી અને કામળીનાં કારખાનાં છે.

ભુજ—એ કચ્છ દેશનું શેહેર છે. હાલમાં હુન્નરનાં કારખાનાં થયાં છે

માંડવી—એ બંદર છે. બીજા દેશો સાથે વેપાર ચલાવે છે.

અમદાવાદ—મુંબઇ ઈલાકાનું શેહેર છે. તેમાં રેશમી તથા સુતરાઉ કાપડ, કીનખાબ વણવાના કારખાના છે. કાગળ પણ થાય છે.

નડીઆદ—ખેડા જીલ્લાનું શેહેર છે, તેમાં વિદ્યાલય છે.

ભરૂચ—શેહેર છે ત્યાં વેપાર ઠીક ચાલે છે.

સુરત—મુગલ બાદશાહના વખતનું શેહેર છે. તેમાં ઈંગ્રેજોએ કોઠી ઘાલી હતી. હાલ તેમાં વેપાર ઠીક ચાલે છે. ત્યાં મેવો સારો આવે છે.

ભાવનગર—કાઠીયાવાડનું બંદર છે. તેમાં દીવાદાંડી બાંધી છે. વેપાર બહુ ચાલે છે. હાલ વીલાયતી નળી બનાવવાનો હુન્નર શરૂ કરેલો છે.

જાફ્રાબાદ—કાઠીયાવાડનું બંદર છે. ત્યાં ઘીનો વેપાર બહુ ચાલે છે.

રાજકોટ—કાઠીયાવાડની રાજધાની છે. તેમાં પોલીટીકલ

એજંટ રહે છે તથા રાજાઓના કુંવરોના સારૂ રાજકુમાર કાલેજ પણ છે.

જુનાગઢ—કાઠીયાવાડનું શેહેર છે. ને મુસલમાની રાજ છે. તેની પાસે ગીરનાર પર્વત છે. ત્યાં જાત્રા કરવા સારૂ હિંદુ લોક જાય છે. નરસી મેહેતો અહીં થયા. તેમના મકાનનાં ખંડેર પણ અહીઆં છે.

નવાનગર—કાઠીયાવાડના ઉતર ભાગમાં આવેલું શેહેર છે. ત્યાંનું કંકુ વખાણાય છે.

સોમનાથ, દ્વારકાં, પાલીટાણા, એ જાત્રાના ઠેકાણાં છે.

વડોદ્રા—ગાયકવાડ સરકારની રાજધાની છે. શેહેર વચે માંડવી છે.

ખંભાત—સેતરંજી તથા સુતરાઉ કાપડ બને છે. તથા અકીકના પથરા જડે છે.

નાસીક—ગોદાવરી નદી ઉપર છે. ત્યાં હિંદુ લોક જાત્રા કરવા સારૂ જાય છે.

અહમદનગર—દક્ષણનું શેહેર છે.

પુણા—મુંબાઈ ઇલાકાનું શેહેર છે. તે મુલામુઠા નદી ઉપર આવેલું છે. ઇંગ્રેજ સરકારના લશ્કરની છાવણી મુખ્ય છે. ત્યાં બીજાં જોવા લાયક મકાનો છે. ત્યાં પાન વખણાય છે.

સતારા—મુંબાઈ ઈલાકાનું શેહેર છે.

સોલાપુર—એ પણ શેહેર છે.

જત—એમાં સુરોખાર અને લોઢું મળે છે.

પેંઠ—એમાં ઈમારતી લાકડુ તથા પાઘડી સારી થાય છે.
સાવંતવાડી—એમાં પોલીટીકલ એજન્ટ રહે છે.
જવાર—તેમાં કોળી રાજા રાજ કરે છે.
રતનાગીરી—એ મુંબઇ ઈલાકાનું બંદર છે.
બેલગામ—એ પણ શેહેર છે.
કોલ્હાપુર—એમાં પોલીટીકલ એજંટ રહે છે.
ધારવાડ—એ પણ શેહેર છે તેનો વહેપાર ઠીક છે.
કારવાડ—ચોમાસાના વહાણોને આશ્રય મળે છે.
કલકત્તા, મદ્રાસ, મુંબાઇ એ ત્રણેમાં યુનીવરસીટીઓ છે
કલકત્તા, હુગલી, ઢાકા, કિશનગેઢ. અજમેર, પટના, અલ્હાબાદ, આગ્રા, બરેલી, કાશી, મુંબાઈ, પુણા, મદ્રાસ, અમદાવાદ, ત્રાવણકોર, અને રાજકોટમાં કોલેજો છે

અમદાવાદ, પુણા, જબલપુર, રાજકોટ, કોલ્હાપુર, એમાં ફીમેલ ટ્રેનીંગ કોલેજો છે. બાઇડીઓ શીક્ષકનું કામ શીખીને પાસેના ગામની કન્યાશાળાની નોકરી કરે છે.
હિમાયલનાં હવા ખાવાના ઠેકાણાં—સીમલા, દાર્જીલીંગ, મસુરી, લાંદર નાનીહાલ છે.
અરાવલીમાં—આબુ હવા ખાવાની જગો છે.
પશ્ચિમઘાટમાં—મહાબળેશ્વર, પુરંધર, ખંડાલા છે.
નીલગીરીમાં—ઉતાકામંદ છે.

સ્વતંત્ર રાજ્યો—નપાલ, ભુતાન ને મણીપુર આવેલાં છે, તે ઇંગ્રેજ સરકારથી દોસ્તી રાખે છે.

એસીઆના શેહેરો.

નામ.	નદી ઉપર	કયા દેશમાં	શા માટે પ્રખ્યાત છે.
કલકત્તા	હુગલી નદી ઉપર	હિન્દુસ્તાનમાં	ભરતખંડની રાજધાની છે તેમાં ખાંડ તથા તમાકુ તથા સુતર કાંતવાના કારખાનાં છે.
મુંબઇ	દરીયાકીનારે	,,	હીંદુસ્તાનમાં સૈથી મોટું બંદર છે. રેશમી, સુતરા ઉ કાપડનાં કારખાનાં છે.
શીકારપુર	સીંધુ ઉપર	,,	એનામના જીલ્લાનું મુખ્ય શેહેર વહેપારનેમાટેપ્રખ્યાતછે.
મદ્રાસ	દરીઆકીનારે	,,	તેમાં ઇંગ્રેજ સરકારે કીલ્લો બાંધ્યો છે. તેનુ નામ ફોર્ટસેંટજોર્જ છે.
કાબુલ	કાબુલ નદી ઉપર	અફઘાનીસ્તાનમાં	પરદેશ સાથે વેપારનું મથક છે. બાલાહીસાર નામનો કાલ્લો શેહેરની અંદર છે. થડમાં બાબર બાદશાહની કબર છે.
કંદહાર	તનક નદી ઉપર	,,	વેપાર સારો ચાલે છે. રેશમી અને ઉનના લુગડાંનાં કારખાનાં છે.
ગીજની	,,	,,	એ જુના રાજધાનીનું શેહેર છે. મહમદ ગીજનીની કબર અહીં છે.
ખીલાત	•	બલુચીસ્તાન	આ શેહેર કોટથી મજબુત કરેલુ છે. વેપારનું મથક છે. હથીઆર બનાવવાનાં કારખનાં
ઈસ્ફહાન	•	ઇરાનમાં	એમાં અગત્યનાં ખાતાં,તરવાર તથા હથીયાછે.બુપર બનેછે

તેહેરાન	ઓજન નદી ઉપર	,,	એ રાજધાનીનું શેહેર છે. ઉનાળામાં ગરમી તથા રોગી હવાને હવા ખાવા લોક જાય છે.
સીરાજ	૦	,,	કવીઓના જન્મ માટે પ્રખ્યાત છે. ત્યાંનો ગુલાબ તથા દારૂ વખણાય છે.
હમદાન	૦	,,	તેમાં સેત્રંજી અને ખોગીરના બનાવટ માટે વખણાય છે.
મકા	૦	અરબસ્તાનમાં	મહમદ પેગમ્બરનો જન્મ થયો હતો. અહીં મુસલમાન લોકનું પવીત્ર ધામ છે. જાત્રાળુ લોકો ત્યાં આવે છે.
મદીના	૦	,,	અહીંઆ પેગમ્બરની કબર છે.
મોખા	દરીઆકીનારે	,,	બુંદદાણાને માટે પ્રખ્યાત છે.
મસ્કત	,,	,,	એ ઉમાનપ્રાંતનું મુખ્ય શેહેર છે.
સમરના	૦	તુર્કસ્તાનમાં	એશીઆમૈનરનું શેહેર છે. વેપાર ઘણો ચાલે છે. દુનીઆના સઘળા ભાગના એલચીઓ ત્યાં રહે છે.
દમાસ્કસ	જારદન નદી ઉપર	,,	રેશમી અને ઉનનાં લુગડાં, હથીઆર, શણનાં કાપડનાં કારખાનાં છે.
જેરૂસાલેમ	૦	,,	પ્રાચીન કાળનું શેહેર છે. એ શેહેર તુટી ગયું છે.
અર્ઝેરૂમ	૦	,,	આર્મીનીઆનું મુખ્ય શેહેર છે. વહેપાર ઠીક ચાલે છે.
બગદાદ	તૈગ્રીસ નદી ઉપર	,,	એનાં લાલ ને પીળા ચામડાના ને રેશમી ને સુતરાઉ લુગડાંનાં કારખાનાં છે.
તોબાલસ્ક	ઈર્તીશનદીઉ.	રૂશીઆમાં	સૈબીરીઆનું મુખ્ય શેહેર છે. વહેપારનું મથક છે.
ઇર્કુતસ્ક	અંગારા નદી	,,	એમાં ઉનનાં લુગડાં, શણનું કાપડ, કાચ, સાબુ, વી

			ગરેનાં કારખાનાં છે.
તોરક	ઓબી નદી	,,	ઢોરનો વહેપાર ચાલેછે.
ઓમસ્કા	ઈરતીશ નદી	,,	અહીંઆ લશ્કરની છાવણી છે.
યેનીસેઈસ્ક	યેનીસેઈસ્ક ન.	,,	રૂઆંવાળા ચામડાં અને ચીનની પેદાશનો વેપાર ચાલેછે.
પેટ્રોપોલેસ્ક	દરીઆકીનારે	કામસ્કાટ્કાની રાજધાની	કામસ્કાટ્કાના કાંઠા ઉપર મજબુત કીલ્લો છે.
ટીફ્લીસ	૦	કાકેસસ પર્વતની રાજધાની	કાકેસસ પર્વતની પાસે એ શેહેરમાં રેશમ, સાલને સેતરંજી બને છે.
એરીવાન	દરીઆકીનારે	,,	અગત્યનું શેહેર છે.
યારકંડ	યારકંદ નદી	ચીનાઈતાર્તરી	પૂર્વ તાર્તરીનું શેહેર છે.
કીઓટો	૦	કોરીઆની રાજધાની	કોરીઆની રાજધાનીનું શેહેરછે. મુખ્ય ઉદ્યોગ ખેતી છે.
પેકીન	૦	ચીન દેશમાં	છાપવાનાં, કાચ રંગવાનાં અને મુર્તી બનાવવાનાં કારખાના છે.
નાનકીન	યાંગસેકયાંગ નદી	,,	આ શેહેર નાગાંકીન હતું પણ હવે તુટી ગયું. વેપાર બંધ પડયો છે.
સુચુ	,,	,,	શેહેરમાં રેશમી લુગડાં, છાપખાનાં અને પુસ્તકને માટે પ્રખ્યાત છે.
કંતાન	કંતાન નદી.	,,	એમાં લોઢાનાં, પીતળનાં, લાકડાનાં અને પથ્થરેનાં તરેહ તરેહનાં કારખાનાં છે.

યેદો	૦	જાપાનમાં	શ્રીમંત લોકની ઈમારતો તથા ઘણી વર્જંનીકશમારતો છે.
ઓસાકા	૦	જાપાનમાં	એ વિદ્યા તથા હુનરનું પણ ગથક છે. કારીગરીનાં કારખાનાં ઘણાં છે.
લ્હાસા	સાનપું નદી	ટીબેટમાં	બૌદ્ધ ધર્મની મુખ્ય જગા છે.
આરતોપ	૦	"	તીબેટનું શેહેર છે.
તાસ્કંદ	શીરદયા નદી	પશ્ચિમ તાર્તરી	પથ્થરનું શેહેર છે. વહેપાર સબંધી એ ઘણું અગત્યનું છે.
ખોકાન	"	"	કીનખાબ, રેશમી, સુતરાઉ અને ઉનનાં લુગડાનાં કારખાનાં છે.
ખીવા	૦	ચીનાઈ તુર્કસ્તાન	ગર્સાદો ઘણી છે. ગુલામ ખરીદ કરવાનો બજાર છે.
આવા	ઈરાવતી નદી	બ્રહ્મ દેશમાં	જુની રાજધાનીનું શેહેર છે.
અગરપુર	૦	"	ઈરાવતી નદીને કાંઠે છે.
બાંકોક	મૈતામ નદી.	સીયામ દેશમાં	વહેપારનું અગત્યનું શેહેર છે.
હુ	૦	કોચીનચીનમાં	કોચીનચીનની રાજધાની છે.
કેબોજ	૦	"	ફ્રેન્ચ લોકનું શેહેર છે.
કોલંબો	૦	લંકામાં	પશ્ચિમ કાંઠાનું બંદર છે.
ત્રીંકોમાલી	૦	"	પૂર્વ કાંઠાનું બંદર છે.
પોઈંટડીગાલ	૦	"	આગબોટ યુરોપખંડની ટપાલની ત્યાં આવજા કરે છે.
સમરકંદ	૦	ચીનાઈ તુર્કસ્તાનમાં	શેહેરનો દેખાવ સારો નથી. વહેપાર સારો ચાલે છે.

એસીઆખંડની નદીઓ.

નામ.	કયા દેશમાં	કોને મળે છે.	મેલ
યાંગસેકયાંગ	ચીન દેશમાં	પાસીફીક મહાસાગરને	૩૨૦૦
પેનીસી	સૈબેરીઆમાં	ઉતર મહાસાગરને	૨૫૦૦
યાંગહો	ચીનમાં	પાસીફીક મહાસાગરને	૨૬૦૦
ઓબ્બી	સૈબેરીઆમાં	ઉતર મહાસાગરને	૨૫૦૦
લેના	,,	,,	૨૪૦૦
આમુર	મંગોલીઆમાં	તાતારના અખાતને	૨૩૦૦
યુફ્રેતીસ	તુર્કસ્તાનમાં	ઇરાનના અખાતને	૧૮૦૦
સીંધુ	હિંદુસ્તાનમાં	હિંદી મહાસાગરને	૧૭૦૦
ગંગા	,,	બંગાલી સમુદ્રોને	૧૫૦૦
બ્રહ્મપુત્રા	આસામ ને હિંદુસ્તાનમાં	,,	૧૫૦૦
આમુ	તુર્કસ્તાનમાં	એરલ સમુદ્રને	૧૩૦૦
સીહુન	,,	એરલ સમુદ્રને	૧૨૦૦
ઈરાવતી	બ્રહ્મ દેશમાં	બંગાળી સમુદ્રને	૧૨૦૦
યુરાલ	રૂસ દેશમાં	કાસ્પીઅન સમુદ્રને	૧૦૧૦
તૈગ્રીસ	તુર્કસ્તાનમાં	ઉફ્રેતીસ નદીને	૮૦૦

ખારા પાણીનાં સરોવરો

નામ	કયા દેશનાં	લંબાઇ
કાસ્પીયન	રૂશીઆ તથા તુર્કસ્તાન, ઈરાન	૧૦૩૦૦૦
એરલ	,, તુર્કસ્તાનમાં	૨૬૦૦૦
બલકાસ	રૂશીઆમાં	૭૦૦૦

ઉરૂગીયા	ર્ફગાનમાં	૧૮૦૦
વાન	ઍશીઆઇ તુર્કસ્તાનમાં	૧૫૦૦
તૈથાનોર	તીબેટમા	૧૮૦૦
મૃત	તુર્કસ્તાનમાં સીરીઅમાં	૩૬૦

મીઠા પાણીનાં સરોવરો.

બેકલ	સૈબીરીઆમાં	૧૪૮૦૦
ટાંગટાંગ	ચીનમાં	૨૦૦૦

મુખ્ય પર્વતો.

નામ	શીખરનું નામ	કયા દેશમાં	લંબાઈ
હિમાલય	ઍવરેશી	હિન્દુસ્તાનમાં	૨૯૦૦૩
	કાચીનગંગા	,,	૨૮૧૭૭
	ધવલગીરી	,,	૨૬૮૬૨
	નન્દાદેવી	,,	
હિંદુકુશ	શીખર નથી.	અફઘાનીસ્તાનમાં	૨૩૦૦૦
આલતાઇ	,,	તાતારદેશમાં	૧૦૭૩૫
યુરાલ	,,	સૈબીરીઆમાં	૧૮૦૦
કાકેસસ	,,	તુર્કસ્તાનમાં	૧૭૭૮૫
કોસીઆ	,,	કાબુલમાં	
કુવેલન	,,	તીબેટમાં	
તારસ	,,	તુર્કસ્તાનમાં	૧૩૦૦૦
સીલાદ્વીપ	મહાબલેશ્વર	હિન્દુસ્તાનમાં	૬૦૦૦
વિંધ્યાચળ	૦	,,	
સાતપુડા	૦	,,	
અરાવલી	આબુ	,,	

એસીઆના બેટા

નામ	કયા દેશમાં	કયા સમુદ્રમાં	નીપજ
કરક	ઈરાનમાં	ઈરાની અખાતમાં	મોતી પાકે છે.
ક્રીસમ	,,	,,	,,
ઓર્મિઝ	,,	,,	,,
બેહરીંગ	અરબસ્તાનમાં	ઈરાની અખાતમાં	તેમાં સરસ મોતી પાકે છે.
સુકેત્રા	,,	હિંદીમહાસાગર	સરસ મોતી પાકે છે.
ટીસબોન	તુર્કસ્તાનમાં	ભુમધ્ય સમુદ્રમાં	૦
હોંગકોંગ	ચીનમાં	ચીનાઇ સમુદ્રમાં	ઇંગ્રેજ સરકારને તાબે છે.
સોંગસ	તુર્કસ્તાનમાં	ભુમધ્ય સમુદ્રમાં	૦
સૈપસ	,,	,,	ઇંગ્રેજ સરકારને તાબે છે.
રોડસ	,,	,,	૦
સંગેલીયન	સૈગીરીઆમાં	પાસીફીક મહાસાગરમાં	
પીનાંગ	હિન્દી ચીનમાં	હિંદી મહાસાગરમાં	ઇંગ્રેજ સરકારને તાબે છે ખાંડ, ચુંનદાણા અને ગળી
સીંગાપુર	,,	,,	ઇંગ્રેજ સરકારને તાબે છે
લંકા	હિન્દુસ્તાનમાં	,,	મનારના અખાતમાં મોતી પાકે છે.
ફોરમોસા ને હેનાન	ચીનમાં	ચીનાઇ સમુદ્ર	તેમાં ડાંગર, ખાંડ, ગીહું, ચા વિગર પાકે છે.
લક્ષદીવ	હિન્દુસ્તાનમાં	,,	ઇંગ્રેજ સરકારને તાબે છે તેમાં પરવાળાં, નાળીએર ને સોપારી થાય છે.
માલદીવ	,,	,,	ઇંગ્રેજ સરકારને તાબે છે ફળ બહુ પાકે, ખાવાને સારૂ સુખાંઆં ને મેવા થાય છે.

આંદામાન	,,	પાસીફીક મહાસાગરમાં	અહીઆં કાળે પાણી મોકલવાને હીંદ લોકને સજા કરેછે.
નીકોબાર	,,	,,	ઈંગ્રેજ સરકારને તાબેછે
નીફોન	જાપાનમાં	જાપાની સમુદ્રમાં	એમાં કારીગરીનાં કારખાનાં ઘણાંછે.

એસીયાનાં બંદરો.

નામ	કયા દેશમાં	મુખ્ય હકીકત.
જીદો	અરબસ્તાનમાં	
મોખા	,,	મુંહદાણા વખણાય છે.
મસ્કત	,,	વેપારનું મથક છે
બસરા	તુર્કસ્તાનમાં	હિંદનાજોડે વેપાર ચલાવેછે
બુસીર	ઈરાનમાં	ઈરાની અખાતમાં
અસ્ત્રાબાદ	,,	કાસ્પીયન સમુદ્રમાં
સોનમીયાંની	બલુચીસ્તાનમાં	હિન્દ તથા પ્રદેશ સાથે વેહેપાર કરેછે.
કરાંચી	હિંદુસ્તાનમાં	આફ્રીકા તથા ચીન, વીલાયત સાથે વહેપાર કરેછે.
મુંબાઈ	,,	,,
મદ્રાસ	,,	,,
મંજાગ	,,	,,
રંગુન	બ્રહ્મદેશમાં	હિન્દના જોડે વહેપાર કરેછે.
સાંગહાય	ચીન દેશમાં	હિન્દ તથા વિલાયત જોડે વેપાર કરેછે
કંતાન	,,	,,
નાગાસાકી	જાપાનમાં	પ્રદેશના વેપારનું મથકછે

ફીકીતાઈન	ફોરીઆમાં	
તોસ્કાયો	સેંગારીઆમાં	જાપાન જોડે વેપાર કરેછે
ઓલાયાગસ્ક.	ઓકોતસ્કનાસમુદ્રમાં	
થીજીગા	,,	,,
પાલીનીસરો	,,	,,
પેત્રોપાલોસ્ક	કાગસ્કાટકાની રાજધાની	જાપાન જોડે વેપાર કરેછે

સમુદ્રો.	અખાતો.
૧ રાતો સમુદ્ર	૧ મનારનો અખાત
૨ અરબી સમુદ્ર	૨ ખંભાતનો અખાત
૩ બંગાળી સમુદ્ર	૩ કચ્છનો અખાત
૪ ચીનાઈ સમુદ્ર	૪ ઇરાની અખાત
૫ પીળો સમુદ્ર	૫ સયાગનો અખાત
૬ જાપાની સમુદ્ર	૬ તાર્તરીનો અખાત
૭ ઓકોટસ્ક સમુદ્ર	૭ નાનકીનનો અખાત
૮ બેટરિંગ સમુદ્ર	૮ આનેય અખાત
	૯ અરબી અખાત
	૧૦ ગાર્તાબીનનો અખાત

યુરોપ ખંડ (૨)

યુરોપખંડની ચતુરસીમા.

ઉત્તરે ઉત્તર મહાસાગર; પશ્ચિમે આટલાંટીક મહાસાગર; દક્ષિણે જુગધ્ય સમુદ્ર, આર્કીપેલેગો સમુદ્ર, મારમોરા સમુદ્ર, કાળો સમુદ્ર, અને કાકેસસ પર્વત; અને પૂર્વે કારપી

આન સમુદ્ર, યુરલ નદી અને યુરલ પર્વત છે. આ ખંડ બીજા ખંડ કરતાં વિદ્યા તથા કળા કૌશલ્યમાં વધારે છે.

યુરોપ ને એસીઆ જોડાજોડ છે તે બંને ખંડોની વચ્ચે યુરલ નામે પર્વત આવેલો છે તેમાંથી સોનુ રૂપુ વિગેરે ધાતુઓ નીકળે છે.

યુરોપના દેશોની હકીકત

(૧) ઈંગ્લાંડ

મુખ્ય શેહેરો—લંડન, માન્ચેસ્ટર, લીવરપુર, બરમીંગહામ, કેંબ્રીજ, ઓકસફર્ડ, નોટીંગહામ, ન્યુકાસ્ટલ, પોર્ટસૈમાથ, સૈધાગપટણ વાગેરે છે.

આખાત—બ્રીટીશ ચાનલ, સાલ્વેફર્થ.

નદીઓ—ટેમ્સ, સેવર્ન, મરસી છે.

એ દેશમાં હુનર તથા કેળવણી સર્વોતમ ગણાય છે.

(૨) સ્કોટલાંડ

મુખ્ય શેહેરો—એડીમ્બરો, ગ્લાસગો, આબરડીંગ, ને દંડી મુખ્ય છે. પર્થ ને પેસલી.

નદીઓ—નાની છે, ફોર્થ-નીથ છે

ભુશીરો—ગોલા; વેલોગલ છે.

આખાત—ફોર્થ, સાલ્વે છે.

(૩) આયર્લાંડ

મુખ્ય શેહેરો—ડબ્લીન, કીંગ્સટાઉન, બેલફાસ્ટ, લીમરીક, લંડનડેરી છે.

અખાતો—ડોનીગલ, બેલફાસ્ટ છે.
મૂખ્ય દ્વીપ—રાથલીન, કલર બેટ છે.
ભુશીર—માલીહેડ ને ફેરહેડ છે.

(૪) ફ્રાન્સ

મુખ્ય શેહેરો—પારીસ, માર્સેલ્સ, લુન્સ, નાંટસ, બાર્ડો, લાઈલ, રૂએન, તુલોન છે.
નદીઓ—સીન, લુએર, ગારોન, હોન.
દ્વીપો—કાર્સીકા છે.
પર્વતો—પારેનીજ ને આલ્પ્સ છે.

(૫) સ્પેન

મુખ્ય શેહેરો—માંદ્રીદ, ટોલીડો, સાલામાંકા, સારાગોસા, ગ્રાનેડા વીગરે.
નદીઓ—ડુરો, ટેગસ, ઈબ્રો.
દ્વિપો—માર્જોર્કા, મનાર્કા, ઓઈજા, ફારમેનહેરાછે.
ભુશીરો—ફીનેસ્ટર—ઓરટીગલ, ક્રુઝ.

(૬) પોર્ટુગાલ.

મુખ્ય શેહેરો—લીસબોન, ઓપોર્ટો, કોઇમ્બ્રા—સેટુબાલ, બ્રાંગા છે.
નદીઓ—ડુરે ને ટેગસ.
દ્વિપો—ઓઝોર્સ, મદીરા, કેપવર્ડ.
ભૂશીર—સેંતવીશેન, સાતમેરીઆ છે.

(૭) બેલજીઅમ.

શેહેરો—બ્રુસલ્સ, આંટવર્પ, મેસલીન, ઘેન્ટ, લીયેજ.

નદીઓ—ગઉસ, સેલ્ટ છે.

બંદર—ઓસ્તેન્દ છે. પ્રદેશખાને વેપાર ચલાવે છે.

(૮) હૉલાંડ.

શેહેરો—આમસ્ટરડામ, રોટ્ટર્ડામ, હેગ, લેદન, ગ્રોનીગન, યુટ્રેક્ટ, આરનેમ.

નદીઓ—મ્યુસ, ર્‍હાઇન, સેલ્ટ.

દ્વિપો—વાલકરન, ટેગસુલ છે.

(૯) જર્મની

શેહેરો—ડાનઝીક, બ્રેસલા, ફ્રાન્કફોર્ટ, સ્ટેટીન, બર્લીન, ડ્રેસ્ડન, કોનીગસબર્ગ, માગ્ડીબુર્ગ, હામબર્ગ, આલટોના, સ્ટારબર્ગ, કોલોન, કોટસ, ગોટીંગન, મ્યુનીસ, કીલહાલ છે.

નદીઓ—વિશ્ચુલા, ઓદર, એલ્બ, વીસર, હાઇન, દાન્યબ છે.

દ્વીપો—રૂગેન મોટો છે.

(૧૦) ડેન્માર્ક.

શેહેરો—કોપનહેગન, ઓડેન્સ, આલબોર્ગ, એલચીનોર.

નદીઓ—નથી.

દ્વીપો—ઝીલાંદ, ફયુનેન, લાલાંડ.

(૧૧) સ્વીડન ને નાર્વે

શેહેરો (નાર્વેનાં)—ક્રીસ્તેઆના, બરજેન, હોરટેન, હામરફેસ્ટ, બર્ગન.

„ (સ્વીડનન)—સ્ટાકહોમ, ગોટનબર્ગ, નોરકોપિંગ, કાર્લસ્ક્રોના, ગેફ્લ, અપસ્લા, ઈસ્ટાડ વિગેરે.

નદીઓ—નથી.
સરોવર—વેનર, વેટર, ગીલર છે.
દ્વીપ—ગાનીરો, લોફોર્દેન.
ટાપુઓ—ગોથલાંદ, ઓલાંદ છે.

(૧૨) રૂશિયા

શેહેરો—સેંટપીટર્સબર્ગ, મોસ્કો, વારસા, રૈગા, ઓડેસા, આસ્ત્રાખાન, આર્કેંજલ, કીફ, સેબાસ્ટપોલ, નીજની નોવ ગોરોડ.
નદીઓ—દ્વીના, વિશ્ચુલા, નીપર, ડોન, વોલગા, ત્રેજેત, તોરણા વિગેરે છે.
સરોવરો—લાદોગા, ઓનેગા, ઇલ્મેન, પઇપુરા, લાદોગા આખા યુરોપમાં મોટુ છે.
પર્વત—યુરાલ, કાકેસસ છે. તેમાંથી ધાતુ નીકળે છે. તથા આરસપાહાણની ખાણો પણ છે.
બંદર—સેંટપીટર્સબર્ગ, રૈગા, ઓડેસા, આસ્ત્રાખાન, આર્ખેંજલ છે.

(૧૩) આસ્ત્રીઆ ને હુંગીર.

શેહેરો—વિએના, પ્રેસ્બર્ગ, બ્યુડા, પેસ્થ, ઇન્સબ્રુત, ત્રિએસ્ત, ડેબ્રેકઝીન, લેમબર્ગ, ત્રાપાય.
નદીઓ—દોન્યુબ, ઇન, ડેવ, થીસ, સેવ.
સરોવર—ન્યુસીડુલરસી, બાલેટનસી.
પર્વત—આલ્પસ, કાર્પેથીઅન, તટ્રૌ, બંત્રો, હથીઆર ધાતુ થાય છે.

(૧૪) સ્વીટ્જર્લાંડ.

શેહેરો—જીનોવા, બર્ન, બાસ, જ્યુરીક, લુસને, સેન્તગાલ, લોસાન.

નદીઓ—હાઇન, હોન, દાન્યુબ.

સરોવર—જીનોવા, કાન્સ્તાન્સ, લુસર્ન. ઘડીઆળ તથા રેસમી કાપડ બને છે.

(૧૫) ઇટાલી.

શેહેરો—રોમ, પાલર્મો, નેપલ્સ, મીલાન, તુનીસ, ફ્લાંરેન્સ, જીનોઆ, લેગહોર્ન, પાદુવા, બોલોના, વેનીસ, મેસીના, સાનમારીનો, પરમો, બર્ગમો, મોદીના છે.

નદીઓ—પો, આડીજ, અર્નો, તૈબર, વાલતુર્નો છે.

પર્વતો—આલ્પ્સ, આપીનૈન્સ, વિસુવિયસ, એટના, એ બે જ્વાળામુખી પર્વત છે.

દ્વીપો—સીસીલી, લીપારી, સાર્ડીનીઆ, એલ્બા, અને કોર્સીકા; માલ્તા, ગોઝો એ બે ઇંગ્રેજને તાબે છે.

સરોવરો—ગાર્ડા, કોમો, માજીઓરી, ચીસાનો, પેરૂજીઆ, બોલસેના છે.

કાપડ રેશમ, ગંધક, વાગેરે જાયછે. સેનુ લોહુ થાયછે.

સામુદ્રધુની—ઓત્રાન્તો, મેસીના, બોનીફાસીઓની છે.

(૧૬) યુરોપી તુર્કસ્તાન.

શેહેરો—કોન્સ્તાન્ટીનોપલ, આદ્રિઆનોપલ, બુખારેસ્ત, બેલગ્રેડ, વાર્ના, લારીસા, યાનીના, સાલોનીકા, ઇસ્માયલ છે.

નદીઓ—દાન્યુબ, મારીઝા, વાર્દાર, આર્તા, સેવ, પ્રુથ છે.

પર્વતો—કાર્પેથીયન, બાલકંત, દીનારા.

સામુદ્રધુની—દાર્દાનેલ્સ, બાસફરસ છે.

દ્વીપ—કાંદીઆ, લેમતાસ, વાકોન, કાકસો છે.

નીપજમાં કાપડ લાકડુ ગીંહુ થાય છે.

(૧૭) ગ્રીસ દેશ.

શેહેરો—આથેન્સ, કોરિંથ, સ્પાર્તા, કોર્ફુ, નોપરીઆ, હેદ્રાપાત્રસ, એગ્રિગો છે.

નદીઓ—હેલાદા, રૂરીઆ છે.

પર્વત—પાર્તાસરી, જાગોલા, તેગીતસ.

બેટ—અયોનીયત, સાગ્રાગીસ, છજીના, સર્કો ઘણા નાના બેટ છે.

નીપજમાં લોઢુ, કોલસા, આરસપાહાણ ગંધક થાય છે.

યુરોપનાં પ્રખ્યાત શેહેરો.

શેહેરનું નામ.	કઈ નદી ઉપર	કયા દેશમાં	શા માટે પ્રખ્યાત છે.
લંડન	ટેમ્સ નદી ઉપર	ઈંગ્લાંડમાં	૪૦ લાખ માણુસની વસ્તી છે સાર્વજનીક ઇમારત માટે પ્રખ્યાછે.
કયાંટરબરી	•	,,	ધર્મ સબંધી પ્રખ્યાત શહેરછે.
પોર્ટસ્મથ	દરીઆકીનારે	,,	નોકા સેનાનું મથક છે.
સોથાંમપટણ	દરીઆ કીનારે	,,	ચીન વહાણ જવાનું મુખ્ય ધામ છે.
કેંબ્રીજ	•	,,	યુનીવરસીટીનું મથક છે, કેળવણી ઉત્તમ પ્રકારની છે.

બરમીંગહામ.	૦	”	હુન્નરના, વણાટના તથા લો ઢાનાં કારખાનાં છે
નોટીંગહામ	૦	”	કાર ને મોજાનાં કારખાનાંછે. તથા સુતરનાં કારખાના છે.
માન્ચેસ્ટર	૦	”	હુન્નરનાં કારખાનાં માટે પ્ર ખ્યાત છે.
લીવરપુર	મર્સી નદી	”	એ બંદર પ્રદેશો જોડે વેપા ર કરેછે.
સેફીલ્ડ	૦	”	છરીઓના, પોલાદની જણ સોના કારખાનાંછે.
ન્યુકાસ્ટલ	ટાઈન નદી	”	એમાં જીન બનાવવાનાં કાર ખાના છે.
કારડીફ	૦	”	એમાં લોઢાનાં વહાણ બંધાય છે.
એડીમ્બરો	૦	સ્કાટલાંડ	વિદ્યા સબંધી ખાતાં છે. ત થા કોલેજો છે.
આબરડીન	૦	”	સુતરાઉ લુગડાનાં કારખાનાં છે.
ડંડી	૦	”	તેમાં લુગડાનાં કારખાના છે તથા યન્ત્રો બને છે.
પર્થ	૦	”	શણનાં લુગડાનાં કારખાનાંછે તથા લોઢાનું કામ બનેછે.
સેંટઆંડ્રુજ	૦	”	યુનીવર્સીટીનું મથકછે.
પેસ્લી	૦	”	શાલ બનાવવાનાં કારખાના છે.
ડંફ્રીજ	૦	”	ગરમ લુગડાંનાં કારખાનાંછે.
ડબલીન	લીફી નદી	આયર્લાંડ	વિદ્યા સબંધી કોલેજોછે.
બેલફાસ્ટ	૦	આયર્લાંડ	શણનાં લુગડાંનાંકારખાનાંછે.
લીમરીક	સાનન નદી	”	” ”

સ્ટાકહોમ	૦	સ્વીડન	ગણીત શાસ્ત્રને લગતાં યંત્રો તથા ઘડીઆળ, રેશમી ને. ઉનનાં લુગડાંનાં કારખાનાછે
ગોટનબુર્ગ	૦	,,	એ બંદર લાકડાના થાંભા ઉપર બાંધેલુંછે.
ધરટાડ	૦	,,	અહીથી ઘણી દીવાસળીઓની પેટીઓ પ્રદેશ ખાતે જાય છે.
ક્રીસ્તીઆના	૦	નાર્વેમાં	ઉનનાં લુગડાંનાં કારખાનાંછે.
કોપનહેગન	૦	ડેનમાર્ક	વહાણ બાંધવાનું કારખાનુંછે.
એલસીનોર	૦	,,	સૈન્ય રહેવાનું ઠેકાણુંછે.
આમસ્ટરડામ	૦	હોલાંડ	સુતરાઉ તથા ઉનનાં કારખાનાંછે તથા હીરા કાપવાનો વેહેપાર ચાલે છે.
રોટરડામ.	માસનદી	,,	કાચ, કાગળ અને ખાંડ બનાવવાનાં કારખાનાંછે.
હેગ	૦	,,	એમાં તોપ બનાવવાનાં કારખાનાં છે
લેડન	૦	,,	વિદ્યા સબંધી શાસ્ત્રની શોધનું શહેર છે.
ગ્રોનીનન	૦	,,	
યુટ્રેક્ટ	૦	,,	યુનીવરસીટીનું મથક છે.
બ્રસલ્સ	સેનનદી	બેલજ્યમ	યંત્ર, ઘરેણાં તથા મોજાનાં કારખાનાં છે.
આંટવર્પ	સેલ્ટનદી	,,	રેશમી કાપડનાં કારખાનાંછે તથા ફોરનાં પણછે. હીરા કાપવાનો ધંધો ચાલેછે.
ઘેન્ટ	૦	,,	સેલ્ટ નદી ઉપર સૂતરેલ કાપડનાં કારખાનાંછે.

લીએજ	૦	,,	કાપડ બનેછે, લોઢાની ખાણુ પણ છે.
પારીસ	સેનનદી	ફ્રાંસમાં	એમાં કારખાનાં ઘણાંછે, ઘડીઆળ તથા ઘરેણાં વખણાય છે, સાર્વજનીક ઇમારતો પણ છે. દુનીઆમાં સર્વથી સુંદર શહેર છે.
માર્સેલ્સ	લઇઓન્સના અખાતવચે.	,,	વેહેપારનું શહેરછે. યંત્ર તથા ચામડાનાં કારખાનાંછે, તથા મેવો થાય છે.
બોર્ડો	ગારોનનદીઉપર	,,	એમાં દારૂ ઘણો બનેછે ને પ્રદેશ જાય છે.
ટુલુસ	,,	,,	તેમાં ખેતીનાં ઓજાર બનેછે.
નાંટસ	લુઓરનદી	,,	વહાણ બંધાય છે તથા સુતરાઉ કાપડના કારખાનાંછે,
લઇઓન્સ	સોનનદી	,,	રેસમી કપડુ બને છે તથા રશાયનશાસ્ત્ર સબંધી વસ્તુ બનેછે.
લીલ	ડયુલનદી.	,,	સુતરાઉ તથા શણનાં લુગડાનાં કારખાનાં છે.
માડ્રીદ	માંજરીનદી	સ્પેન	ત્યાંની હવા રોગીછે.
બાર્સીલોના	૦	,,	લોકોપયોગી કાગ તથા સુતરના તથા શણનાં લુગડાં બનછે.
વાલ્સેન્સીયા	૦	,,	રેશમ અને મલમલનાં કારખાનાં છે .
સારાગોસા	ઇબ્રોનદી	,,	ખેતીની પેદાશ માટે પ્રખ્યાતછે. ધર્માધ્યનું સ્થળછે.

સેવીલ	૦	,,	ત્યાં તમાકુ ઘણી સારી થયછે ને વખણાય છે.
જીબ્રાલટર	૦	,,	અંગ્રેજનો કીલ્લો છે, તેમાં વહેપાર ઘણો ચાલેછે. આ [illegible] વાહરાં છે.
લીસ્બોન	ટેગસનદી	પોર્તુગાલ	એનો દેખાવ ઘણો સુંદરછે.
કોઈમ્બ્રા	મોનડીગો	,,	શણનાં લુગડાંનાં કારખાનાં છે.
ઓપોર્ટો	ડુરોનદી	,,	એમાં કારખાનાં છે, તથા દારૂ થાયછે.
રોમ	ટૈબરનદી	ઇટાલીદેશ	રાજધાનીછે. તેથા ઘણા દેશના લો[illegible] જો[illegible] સારૂ આવે છે.
નેપલ્સ	૦	,,	જોવા લાયક શહેરછે.
મીલાન	૦	,,	રેસના કાપડ તથા સુતરાઉ કાપડનાં કારખાનાં છે ન[illegible] [illegible] પણ છે.
વેનીસ	૦	,,	ન[illegible] બેટોપર બાંધેલુછે તે [illegible] પુલોથી જોડયેલુંછે.
ફ્લોરન્સ	આનોનદી	,,	શોભાયમાન શહેર છે.
ટયુરીન	૦	,,	રેશમી, સુતરાઉ અને ઉનન[illegible] કારખાનાંછે.
બર્ન	આરનદી	સ્વીતઝર્લન્ડ	અગ્નીસાસ્ત્ર, બંદુકનો દારૂ, ચામડાં, કાગળ ને ગણીત વિદ્યામાં વપરાતાં યંત્રોનાં કારખાનાંછે. વધશાળા પણ છે.
જ્યુરીસ	લીમીટનદી	,,	રેશમી, સુતરાઉને લોઢુ

જીનોવા	०	સીતઝર્લાન્ડ.	વિદ્યાકળાનું ગથક છે. ગડી આળ તથા વાજાની પેટીનાં કારખાનાંછે.
લુસર્ન	રૂનનદી	,,	રેશમી તથા સુતરાઉ લુગડાં બનેછે
બર્લીન	સ્પ્રીનદી	જર્મની	મોટું શહેર છે. ચીનાઈ વાસણ ને ઘરેણાં થાય છે, વહેપાર ઘણો ચાલે છે.
ડાન્ટજીક	વિસ્યુલા	,,	અનાજ તથા લાકડું બનેછે.
કોનીસબર્ગ	પ્રીગલનદી	,,	અહીંઆં કારખાનાં ઘણાંછે.
મ્યુનીચ	એસરનદી	,,	વિદ્યાકળા માટે પ્રખ્યાત છે તથા દુર્બીન તથા ગાડીઓ બને છે.
ડ્રેસદન	એલ્બનદી	,,	વિદ્યાનુ કામ તથા રેશમી ને ઉનનાં લુંગડાં, મોજાં, ઘરેણાંના કારખાનાં છે.
લીપજીક	પ્લીસનદી	,,	છાપવાનું તથા વાજાની પેટીઓનું મથક છે. ત્યાં મેળા મોટા ભરાય છે.
વિએના	ડાન્યુબનદી	આસ્ત્રીઆ	કારખાનાંછે, વિદ્યા સંબંધી કામ ઘણુંછે. યુનીવરશીટીનું મોટું મથક છે.
પેસ્ત	०	,,	વહેપારનું અગત્ય શહેરછે.
સેગબર્ગ	०	,,	ધર્માધ્યક્ષનું તથા યુનીવરશીટીનું સ્થળછે અને મેળા ભરાયછે.
ગ્રાટસ	મહુરનદી	,,	રેશમી ને સુતરાઉ ઉનનાં લુગડાંના કારખાનાંછે.

પ્રાગ	મોલ્ડો	,,	યુનીવરસીટીનુ સ્થળ છે.
ઇસ્તંબુલ	૦	તુર્કસ્તાન	મલમલના ચામડાનુ કામ થાય છે.
આડીઆનોપલ	મારીટસા	,,	રેશમી, શણનાં ને ઉનનાં લુગડાનાં કારખાનાંછે.
બુખારેસ્ટ	૦	,,	વહેપારનું મથક છે.
ગેલીપોલી	૦	,,	મારોકો બનેછે ને કારખાના પણછે.
આથેન્સ	૦	ગ્રીસ	રાજધાની છે. યુનીવરસીટીછે.
પાત્રસ	૦	,,	એમાં દ્રાક્ષનો વહેપાર ચાલેછે.
હરમોપોલીશ	૦	,,	યુરોપખંડના સર્વે દેશના એલચી ત્યાં રહેછે.
સેન્ટપીટર્સબર્ગ	૦	રૂશીઆ	નોકાસેનનુ મુખ્ય સ્થળ છે. કારખાનાં પણ છે.
માસ્કો	માસ્કોનદી	,,	રેશમીને ઉનનાં લુગડાં,સુતર ને સેતરંજીના કારખાનાંછે
ઓડેસા	૦	,,	ઉન વધારે થાય છે. વહેપારનું મથક છે.
આસ્ત્રાખાન	વોલગા	,,	એમાં કારખાનાં સારાંછે તથા પરદેશના જોડે વહેપારનું મથક છે.
આરકેંજલ	ડવિના	,,	લાકડુ, ચામડાં ને અનાજ થાય છે
સેબાસ્તપોલ	ડનકરમાન	,,	નોકાસન્યર હુ છે.
વારસા	વિશ્ચુલા	,,	વધાનું મથકછે ને કારખાનાંછે.
કીફ	નીપરનદ	,,	દરવરસે હજારો જાત્રાળુ આવે છે ત્યાં યુનીવરસીટીછે.

મુખ્ય દ્વીપો

કીલીયર, વાલેનસીઆ, આનર—એ બેટ આયરલાંડમાં છે.
લોફોડન સમુદ્ર—નાર્વેન લગતો છે તેમાં માછલાંનો વેપાર છે.
ઓલાંડ, ગોથલાંડ, વીસલી—એ સ્વીદનને લગતા છે. તેમાં ફટકડી થાય છે તથા માછલાંનો ધંધો છે.
ઝીલાંદ, ફ્યુનેન, લાલાંડ, બાર્નહોર—ડેનમાર્કને લગતા છે. તેમાં શણના કામના લુગડાં બને છે.
ટેકસેલ, વાલકેરન—હોલાંદના બેટ છે તેમાં ખેતી સારી થાય છે.
આલડરની, ગર્નશી, સાર્ક—ત્યાંની ગાયો તથા માછલીઓ પકડવાનો ધંધો લોક કરે છે.
'બિલઐલગાં'
કાર્સીકા, જર્સી, બૈલએલ—ફ્રાન્સમાં. } રાજકારભારના કાયદા તોડે તેને કેદ કરવાની જગોછે.
સ્પેનના બેટો—પાલ્મા તેમાં ઊનનાં ને રેશમી લુગડાંનો ધંધો છે. કનેરી ટાપુ દારૂનો વેપાર ચાલેછે.
પોર્ટુગાલના—આર્જેર્સ, તેમાં જ્વાળામુખી છે. બધી જાતનું ધાન્ય તથા દ્રાક્ષનો દારૂ થાય છે,
મદીરા તેમાં શેરડી તથા દારૂની પેદાશ છે.
ઇટાલીના બેટો—એલ્બા મુખ્ય લોઢુ નીકળે છે.
સાર્ડીનીઆ—સીસું, ત્રાંબુ, લોઢુ ને આરસની ખાણોછે.
ઈસચીઆ—તેમાં ફટકડી તથા મીઠાની ખાણો છે.

સીસીલી—તમામ જાતનું ધાન્ય, ગંધક, આરસ, લોઢ ફટકડીની ખાણો છે.

માલ્ટા—વહાણોને માટે અનુકુળ જગા છે. સર્વે જાતનું ધાન્ય પાકે છે.

જર્મનીના બેટો—હેલીગોલાન, આલસેન, રૂગેન મેવો થાય છે

તુર્કસ્તાનના બેટો—ક્રીટ તેમાં દારૂ, ચામડાં, જાડા લુગડાં ને રંગનાં કારખાનાં છે.

ગ્રીસના દ્વીપો—અયોનીયન ટાપુ સેકલીડાસ, નીગ્રોપોટ તેમાં માછલી, મધ, દારૂ, ઢોરને બકરાંની પેદાશ છે.

રૂશિઆના દ્વીપો—નોવાઝેમ્બ્લા, સ્પીસ્ટબરગેન, આરકીપેલેગો નોવાઝેમ્બ્લામા ઘણાં જનાવર થાય છે.

સ્પીસ્ટબર્ગેન—તેમાં આક્ટોબરથી ફેબ્રુઆરી સુધી સૂર્ય દેખાતો નથી ને બીજા ચાર માસ સુધી આથમતો નથી.

આર્કીપેલેગો—તેમાં નૌકાસેના રહે છે. ઝાડ ઘણાં થાયછે

ઇંગ્લાંડના દ્વીપો—ચેતઆઇલન, હેબ્રીડીશ, આયર્લાંડ, આરકની, શેતલાંડ, આંગલસી, સીલી વીગેરે છે. ત્યાંની હવા થંડી છે, આયર્લાંડમાં કાપડ તથા યંત્રો બને છે.

ડેન્માર્કના દ્વીપો—તેમાં એસલાંડ ને ફેર્યો તેમાં ઉનના લુગડાંના કારખાનાં છે તથા એસલાંડમાં શાક ને બટાટા થાયછે.

યુરોપની નદીઓ.

નંબર.	નામ.	કિયા સમુદ્રને મળેછે	કિયા દેશમા થઇને.
૧	વાલ્ગા	કાસ્પીઆનને	રૂસ દેશમાંથી
૨	ડાન્યુબ	કાળા સમુદ્રને	જર્મન દેશમાંથી
૩	નેપર	,,	રૂસ દેશમાંથી
૪	ડોન	આઝોફ સમુદ્ર	,,
૫	ર્‍હાઇન	જર્મન સમુદ્રને	આલ્પસ પર્વતમાંથી
૬	તાતા	આર્તીક મહાસાગર	સ્વીડ દેશમાં
૭	પેતચોરા	,,	રૂસ દેશમાં
૮	ઓનેગા	શ્વેત સમુદ્રને	,,
૯	ડ્વીના	,,	,,
૧૦	મેજન	,,	,,
૧૧	ડાલા	બાલટીક સમુદ્રને	નાર્વેસ્વીડનમાં
૧૨	રાગુન્ડા	,,	,,
૧૩	અંગરમાન	,,	,,
૧૪	ઉમેઆ	,,	,,
૧૫	અલુઓના	,,	,,
૧૬	તાર્નેઆ	,,	રૂસ દેશમાં
૧૭	નેવા	,,	,,
૧૮	દીના	,,	,,
૧૯	નીએમન	,,	જર્મન દેશમાં
૨૦	વિષ્ટુલા	,,	,,
૨૧	ઓડર	,,	,,
૨૨	સ્કેલત	ઉતર સમુદ્રને	હોલાંડમાં
૨૩	એમ્સ	,,	,,
૨૪	નાયુજ	,,	,,
૨૫	એલ્બ	,,	જર્મનીમાં

"

૨૬	વીસર	ઉતર સમુદ્રને	જર્મનીગાં
૨૭	લાગાન	સ્કાગરાકને	નાર્વેગાં
૨૮	ગોતા	કાટેગાટને	સ્વીડનગાં
૨૯	ટેમ્સ	ઉતર સમુદ્રને	ઈગ્લાંડગાં
૩૦	હંબાર	,,	,,
૩૧	સેન	ઇંગલીસ ચાલનગાં	ફ્રાન્સગાં
૩૨	લુવારે	બીસ્કેનાઉપસાગરગાં	,,
૩૩	ગારોના	,,	,,
૩૪	દુરો	આટલાંટીકમાં	પોર્તુગાલગાં
૩૫	ગ્વાદલકીવર	,,	સ્પેનગાં
૩૬	ગ્વાદીઆના	,,	પોર્તુગાલગાં
૩૭	તેગ્રસ	,,	,,
૩૮	હરોન	ભુગધ્ય સમુદ્રગાં	ફ્રાંસગાં
૩૯	ઈબ્રો	,,	સ્પેનગાં
૪૦	ગાના	,,	ઇટાલીગાં
૪૧	તૈબર	,,	,,
૪૨	પો.	,,	,,
૪૩	નીઓસ્તર	કાળાસમુદ્રને	રૂસ દેશગાં
૪૪	ડુન	,,	,,
૪૫	ક્યુબાના	,,	,,
૪૬	ઉરાલ	કારપીયન સમુદ્રને	,,
૪૭	હાઇન	ઉતર સમુદ્રને ગળેછે	જર્મનદેશમાં
૪૮	સેલ્ટ	જર્મન સમુદ્રનેગળેછે	હાલાંડમાં
૪૯	સેવર્ન	બ્રાટીચ ચાલન	ઈગ્લાંડ
૫૦	ગર્સી	આયરીસ સમુદ્ર	,,
૫૧	આઉસ	સમુદ્રને	,,
૫૨	વાઇ	,,	,,
૫૩	તાઇન	,,	,,

યુરોપનાં મુખ્ય સરોવરો.

નામ	કયા દેશમાં.	નામ	કયા દેશમાં
લાદોગા	રૂસ દેશમાં	કૉન્સતાન્સ	સ્વીતઝર્લાંડમાં
ઓનેગા	,,	ઈલમેન	રૂસમાં
લીના	,,	લેકસા	,,
વેનર	સ્વીડનમાં	ઉલેઆ	ફીનલાંડમાં
સૈગસ	ફીનલાંડમાં	ગાર્દો	ઈટાલીમાં
પેઇપુસ	રૂસમાં	મોજોરો	,,
વેતર	સ્વીડનમાં	નેસી	ફીનલાંડમાં
મેલાર	,,	બાલાતોન	હંગારીમાં
એનારા	લાપલાંડમાં	નુસાતે	સ્વીતઝરલાંડમાં
કુપીઓ	ફીનલાંડમાં	લુસર્ન	,,
બાગેલો	રૂસદેશમાં	ઝુરીક	,,
જીનોવા	સ્વીતજરલાંડમાં	કામો	ઇટાલીમાં

યુરોપના સમુદ્રો.

શ્વેત સમુદ્ર—ઉત્તર સમુદ્ર—બાલટીક સમુદ્ર—ભૂમધ્ય સમુદ્ર—મારામોરા સમુદ્ર—જર્મન—એજાફ સમુદ્ર—કાળો સમુદ્ર—ઈગ્લીશચાનલ સમુદ્ર—આદ્રીશ સમુદ્ર—આંટલાંટીક સમુદ્ર—આર્કીપેલેગો સમુદ્ર.

મુખ્ય અખાતો.

૧ વારંજરનો અખાત—ચેતબીઆનો અખાત—કાર્સીકાનો અખાત ઊતર મહાસાગરમાં આવેલા છે.

૨ કાન્ટલસકાયેનો અખાત—ઓનીગાનો અખાત—આર્કેજલનો અખાત—મેજનનો અખાત—એ શ્વેત સમુદ્રમાં આવેલાં છે.

૩ બોથુનીઆનો અખાત—ફિલાંડનો અખાત—રૈગ્રોન્સનો અખાત. (રેગા) એ બાલટીક સમુદ્રમાં આવેલા છે.

૪ સ્કાગરાકનો અખાત—કાટીગાતનો અખાત—એ ઉતર સમુદ્રમાં આવેલા છે.

૫ લૈગ્રોન્સનો અખાત—જીનોવાનો અખાત—વેનીસનો અખાત—તારતોનો અખાત—એ ભૂમધ્ય સમુદ્રમાં આવેલાં છે.

સામુદ્રધુનીઓ.

૧ વાટગાતની સામુદ્રધુની—રૂશિઆ ને નોવાજેબ્લાની વચે આવેલી છે.

૨ સૌન્ડની સામુદ્રધુની—જીલાંડ બેટ તો, સ્વીનદેશની વચે આવેલી છે.

૩ ગ્રેટબેતની સામુદ્રધુની—જીલાંડ તથા ફ્યુનેન બેટની વચે આવેલી છે. આ ત્રણ બાલટીક સમુદ્રના રસ્તા છે.

૪ ડોવરની સામુદ્રધુની—જર્મન સમુદ્ર તથા ઈંગ્લીશચાનલની વચે આવેલી છે

૫ જીબ્રાલ્ટરની સામુદ્રધુની—આટલાન્ટીક મહાસાગર તથા ભૂમધ્ય સમુદ્રની વચે આવેલી છે

૬ બોનીફાસીઓની સામુદ્રધુની—કાર્સીકાને સાર્ડીનીઆ બેટોની વચે આવેલી છે.

૭ મેસીનાની સામુદ્રધુની—ઇટાલી દેશ તથા સીસીલીની વચે આવેલી છે.

૮ ડાર્ડનલ્લેસની સામુદ્રધુની--મારમોરા અને આર્ચીપેલેગોની
ની વચે છે.

૯ બાસફરસની સામુદ્રધુની--મારમોરા સમુદ્ર અને કાળા
સમુદ્રની વચે આવેલી છે.

૧૦ યેનીકાલની સામુદ્રધુની--કાળા સમુદ્ર અને આઝોફ સ-
મુદ્રની વચે આવેલી છે.

જવાળામુખી પર્વતો.

૧ વિસુવિયસ—ઈટાલી દેશમાં નેપલીઆ પાસેછે. તેની લં
બાઈ ૭૦૦ ફુટ ઊંચો છે.

૨ એટના--સીસીલી બેટમાં આવેલો છે.

૩ હેકલા--ડેન્માર્કના તાબાનો બેટ આસલાંડ કરીને ઉત્તરમાં
આવેલો છે તેમાં તેની ઊંચાઇ ૫૦૦૦ ફુટછે.

૪ સ્ત્રાંબોલી—લીપારી બેટમાં આવેલોછે તેની ઊંચાઇ ૨૫૦૦
ફુટ છે.

અગાઉથી ગ્રાહક થનારનાં નામ

આ પુસ્તકમાં પ્રથમથી ગ્રાહક થનારા સાહેબોનાં મુબારક નામો નોંધવામાં આવેલાં છે. તે આ નીચે દાખલ કરૂં છું તથા આ પુસ્તકમાં મને ઘણીજ મદદ રા. રા. મગનલાલ દલસુખરામ પાલના કારભારી સાહેબે કરીછે તેથી તેમનો હું ઘણો આભાર માનુંછું તથા તેમને હાથે સારૂં કામ થવાની આવી બીજી ઇચ્છા રાખુંછું કારણ કે તેમનો વિદ્યા વૃધી ઉપર વધારે પ્રેમ હોવાથી આશ્રય વગરના માણસને હીંમત રહે છે માટે તેમનો પરમ આભાર માનું છું.

પ્રત	નામ	ગામ
૧૦	મેહેરબાન પાલના ઠાકોર સાહેબ પ્રથીસંગજી.	પાલ સં. ઇડર
૧	રા૦ રા૦ મગનલાલ દલસુખરામ કારભારી સાહેબ.	પાલ
૨૦	રા૦ રા૦ કુબેરદાસ જેઠારામ	ઇડર
૧	રા૦ મોહન દોલતરામ	ઇડર
૨	રા૦ મુળચંદ સુરચંદ	ચંડીસર તાબે પાલણપુર
૧	રા૦ ત્રીકમલાલ મથુરભાઇ	ગઢ તાબે પાલણપુર
૫	રા૦ કાળીદાસભાઇ	મેતા ,, ,,
૪	રા૦ સેવકરામ વિશ્વનાથ	અમરાપુર તા. કાઠીઆવાડ
૧	રા૦ રા૦ હરગોવિંદદાસ સોવશંકર	ઇડર
૧	બેન સાંતવિશ્નુ	ઇડર કન્યાશાળા
૧	રા૦ આશારામ ખુશાલ	ખેડબ્રહ્મા તાબે ઇડર
૧	કાળીદાસ નથુરામ	,,
૧	રા૦ માધવરામ મોતીરામ	,,
૧	રા૦ રા૦ બાળકૃષ્ણ વજેરામ કારભારી	વડાગામ તા૦ મહીકાંઠા
૨	જોસી ભોગીરામ કેવળ	ખેડબ્રહ્મા

જાહેર ખબર

રમુજી પચીશી વારતા.

આ નામની પચીશ સારી રમુજી વારતાનું પુસ્તક અમારા તરફથી થોડી મુદતમાં બાહાર પડશે. તેનું કદ આ નોટ જેટલુંજ રાખવામાં આવશે. તેની કીંમત પોસ્ટેજ પાંચ આના સાથે રાખવામાં આવીછે. આ નોટ કરતાં પૃષ્ઠ પણ વધારે થશે. ગ્રાહક થઇ નામ નોધાવવાં. જેણે " કાઠીયાવાડ " દેશની વાર્તા વાંચી હશે તેને આ ચોપડી ઘણી પસંદ પડશે. એટલે વધારે આગળથી ગુણ ગાવા તે વાજબી નથી. નકલો થોડીજ છપાવવા વીચાર છે, માટે જોઇએ તેણે લખવું.

પ્રસિદ્ધ કર્તા.

એલ. ડી. પંડયા.

ગુજરાત પ્રાંતના ભૂગોળની નોટ—એ પણ થોડી મુદતમાં ગ્રાહક થએ છપાવા વીચાર છે. જોઇએ તેણે નીચેના નામે લખવુ

યુરોપ અને એશિયાની નોટ—નીચે સહી કરનાર પાસેથી મળશે.

અમદાવાદ—''અમદાવાદ ટાઇમ્સ' પ્રેસના માલીકને ત્યાંથી મળશે.

લલુભાઇ ધનેશ્વર પંડયા.

વ૦ સ્કુલ મા૦ બેડવાણા.